
# એન્જિયોપ્લાસ્ટી



યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર
અમદાવાદ

www.unmicrc.org

## પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી શું છે ? (PAMI)





- હાર્ટએટેક ચાલુ હોય ત્યારે તાત્કાલિક એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવે તો તેને પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી કહેવાય છે.
- બી.પી. (બ્લડ પ્રેશર) ઓછું હોય તેવા દર્દીઓમાં તે અત્યંત લાભદાયક છે.
- હૃદયરોગના પ્રથમ ૩ કલાકમાં પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી ખુબ ફાયદા કારક છે. હૃદય ને લોહી આપતી ધમની બંધ થવાથી હાર્ટ એટેક આવતો હોઈ, બલુનની મદદથી આ ધમનીને ખોલી કાઢવામાં આવે છે અને તે જગ્યાએ સ્ટેન્ટ મુકવામાં આવે છે.
- આમ કરવાથી હૃદય ને તાત્કાલિક લોહી મળતું થાય છે.
- પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી દવા કરતા વધારે સચોટ અને અસરકારક પદ્ધતિ છે.
- પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટીથી હૃદયને લોહીનો પૂરવઠો પુરી પાડતી નળી ખુલી જવાની શક્યતા ૯૫% કરતા વધુ હોય છે. જેથી હૃદયના પંપીંગને વધુ નુકશાન થતું અટકે છે.
- પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી કરવાથી ગુણવત્તા સભર જીવન જળવાઈ રહે છે.

## એન્જિયોપ્લાસ્ટી / સ્ટેન્ટીંગ ક્યારે કરવામાં આવે છે ?


- દર્દીના હૃદયની જે ધમનીમાં બ્લોક હોય તે ધમનીમાં બલૂન ફુલાવી તે ધમનીને બ્લોકની જગ્યાએ પહોળી કરવામાં આવે છે અને જરૂર પડે તો ત્યાં સ્ટેન્ટ / સ્પ્રિંગ મુકવામાં આવે છે. આ સ્ટેન્ટ મુકવાના કારણે ફરીથી બ્લોક થવાની શક્યતા ઘટી જાય છે.
- એન્જિયોગ્રાફીમાં જો ૭૦% થી વધારે બ્લોક હોય તો સામાન્યતઃ એન્જિયોપ્લાસ્ટી યોગ્ય ગણાય છે.
- નોંધઃ- એન્જિયોપ્લાસ્ટી કરાવતા પહેલા સુપર સ્પેશ્યાલીસ્ટ ડાક્ટર (કાર્ડિયોલોજીસ્ટ) ની સલાહ લેવી જરૂરી છે.






એન્જિયોપ્લાસ્ટી પહેલા



એન્જિયોપ્લાસ્ટી પછી


## એન્જિયોપ્લાસ્ટી / સ્ટેન્ટ વિષે માહિતી

| | દવા વગરનો સ્ટેન્ટ | દવા વાળો સ્ટેન્ટ |
|---|---|---|
| કિંમત | ઓછી | વધૂ |
| ફરીથી બ્લોકેજ થવાની શક્યતા | થોડી વધારે | ઓછી |
| ડાયાબીટીસના દર્દી માટે | | હિતાવહ |



## એન્જિયોપ્લાસ્ટી પછી

- એસ્પીરીનની ગોળી જીવન પર્યંત ચાલું રાખવી.
- ક્લોપીડોગ્રેલ (લોહી પાતળું કરવાની દવા) સલાહ વગર જાતે બંધ ન કરવી.
- હૃદયરોગ માટેના જોખમી પરીબળોને કાબુમાં લેવા.
- અન્ય દવાઓ દા.ત. ચરબી ઘટાડવાની દવા ડોક્ટરની સલાહ વગર બંધ ન કરવી.
- નિયમિત અંતરે ડોક્ટરની સલાહ મુજબ (નોન ઈન્વેસીવ તપાસ... ઈ.સી.જી./ઈકો/ટી.એમ.ટી.) તપાસ કરાવવી.



# હોસ્પિટલની ઉલ્લેખનીય ખાસિયતો

**૧૨૫૧**
બેડ

**૧૫**
કાર્ડિયાક મોડ્યુલર ઓપરેશન થિએટર્સ

**૬**
કાર્ડિયાક કેથ લેબ

**૫૪૬**
કાર્ડિયાક આઈ.સી.યુ. બેડ

- ટેલી-કાર્ડિયોલોજી
- એડવાન્સ કાર્ડિયાક આઇસીયુ ઓન વ્હીલ
- ન્યૂમેટિક ટ્યૂબ સિસ્ટમ
- કાર્ડિયાક એમ.આર.આઇ.
- બ્લડ સેન્ટર

“ એક છત હેઠળ વૈશ્વિક કાર્ડિયાક ગુણવત્તાયુક્ત સેવા .... ”




Design : Photo-Graphic Dept. (UNMICRC) 02/2024

Medicity Amdavad
॥ सर्वे सन्तु निरामया ॥

NABH | NABH | NABH | GRIHA | GOLD

## યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર

(બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ સાથે સંલગ્ન)

સિવિલ હોસ્પિટલ (મેડીસીટી કેમ્પસ), અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬

www.unmicrc.org